નીતિ આયોગની બેઠકમાં જમીન બિલ પર વિસ્તારપૂર્વક ચર્ચા

નિતિશકુમાર અને કેજરીવાલ સહિત કુલ ૧૬ રાજ્યોના મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા : સર્વસંમિતિ સાધવા કેન્દ્ર વધુ પ્રયાસ કરે તેવો મુખ્યમંત્રીઓનો મત

નવી દિલ્હી,તા.૧૫

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નીતિ આયોગની ગવર્નીંગ કાઉન્સિલની બીજી બેઠક યોજાઈ હતી જેમાં ૧૬ રાજ્યોના મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં જમીન અધિગ્રહણ બિલ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. પત્રકાર પરિષદને સંબોધતાં નાણાં મંત્રી અરૂણ જેટલીએ માહિતી આપતા કહ્યુંહતું કે, વડાપ્રધાને તમામ મુખ્યમંત્રીઓની રજુઆતને ગંભીરતાપૂર્વક સાંભળી હતી અને એવું તારણ આપ્યું હતું કે જમીન અધિગ્રહણ બિલ પસાર કરતીવેળા રાજ્યોની ચિંતાને પણ ધ્યાનમાં લેવામાં આવશે. જેટલીએ કહ્યું હતું કે, વડાપ્રધાને મોટાભાગના રાજ્યો અગાઉની યુપીએ સરકાર દ્વારા પસાર કરવામાં આવેલા જમીન અધિગ્રહણ બિલને અમલી બનાવવામાં કેમ સફળ રહ્યા નહતા તે અંગે પણ વાત કરી હતી. સાથે-સાથે રાજ્યોની રજુઆત પણ સાંભળી હતી. જેટલીએ કહ્યું હતું કે, આ બેઠકમાં તમામ મુદ્દા રજુ કરાયા હતા. ઘણા રાજ્યો દ્વારા ઉઠાવવામાં આવેલો સામાન્ય મુદ્દો એ હતો કે, જમીન અધિગ્રહણ બિલમાં સુધાર કરવામાં આવે તે જરૂરી છે. રાજ્યો જમીન બિલ ઉપર સર્વસંમતિ માટે કેન્દ્ર સરકાર કામ કરે તેમ ઇચ્છે છે. જેટલીએ એમપણ કહ્યું હતું કે, ઘણા મુખ્યમંત્રીઓનો એમપણ મત હતો કે, જમીન બિલને અમલી બનાવવામાં વિલંબથી વિકાસના પ્રોજેક્ટો અટવાઈ પડશે. મુખ્યમંત્રીઓએ સૂચન કર્યું હતું કે, જમીન અધિગ્રહણ બિલ પર સર્વસંમતિ સાધવાની દિશામાં કેન્દ્ર એ આગળ વધવું જોઈએ. નાણાં મંત્રીએ બેઠકમાં હાજર નહીં રહેનાર મુખ્યમંત્રીની ઝાટકણી કાઢી હતી. ગયા વર્ષે કેટલાક રાજ્યો તરફથી ફેરફાર કરવાની રજુઆત કરાઈ હતી. હવે બિલના વર્તમાન સ્વરૂપનો પણ આ લોકો વિરોધ કરી રહ્યા છે. નીતિ આયોગની આ બેઠક વડાપ્રધાનના સત્તાવાર નિવાસ સ્થાન ૭ રેસકોર્સ રોડ પર યોજાઈ હતી. મોદીના નક્કર વિરોધી બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠક પૂર્ણ થયા બાદ જેટલીએ પત્રકારોને વિગતવાર માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, દરેક રાજ્યના મુખ્યંમત્રી અને કેન્દ્રશાસિત પ્રદેશોના રાજ્યપાલ આના સભ્ય તરીકે છે. બેઠકમાં જમીન અધિગ્રહણ બિલને લઈને રાજ્યોમાં ચાલી રહેલી યોજનાઓ અંગે ચર્ચા કરાઈ હતી. તેમણે કહ્યું હતું કે, ૨૦૧૩માં જે જમીન અધિગ્રહણ કાયદો બન્યો હતો તેને અમલી કરી શકાયો નહતો. ૨૦૧૪માંનિતિન ગડકરીએ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરી હતી ત્યારે એવી સહમતી થઈ હતી કે કાયદામાં ફેરફાર કરવામાં આવે. જેટલીએ ઉમેર્યું હતું કે, આ બાબતને લઈને બેમત નથી કેવિકાસ માટે જમીન મળવી જોઈએ.મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, જમીન ન મળવાના લીધે વિકાસની ગતિ ધીમી પડી રહી છે. ભાજપનો મત પહેલાથી જ સ્પષ્ટ રહ્યો છે. જ્યારે કોંગ્રેસના સભ્યોનું કહેવું છે કે, ૨૦૧૩માં સંસદમાં જે ભૂમિ અધિગ્રહણ બિલ પસાર કરવામાં આવ્યું હતું તેને યથાસ્થિતિમાં રાખવામાં આવે.

મુંબઈ બ્લાસ્ટ આરોપી યાકુબને ૩૦મીએ ફાંસી

નવી દિલ્હી,તા.૧૫

મુંબઇ બ્લાસ્ટ કેસમાં અપરાધી કુખ્યાત યાકુબ મેમણને હવે ૩૦મી જુલાઇના દિવસે સવારે સાત વાગે નાગપુરની જેલમાં ફાસી આપી દેવામાં આવનાર છે. ૨૨ વર્ષ જુના મુંબઇ બ્લાસ્ટ કેસમાં કોઇ આરોપીને પ્રથમ વખત ફાંસી આપી દેવામાં આવનાર છે. યાકુબ મેમણની દયાની અરજીને સુપ્રીમ કોર્ટ અને રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી અસ્વીકાર કરી ચુક્યા છે. રાજ્ય સરકાર તરફથી યાકુબ મેમણના પરિવારના સભ્યોને ફાંસીની તારીખ અંગે જાણ કરી દેવામાં આવી છે. વર્ષ ૧૯૯૩ના સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં ૨૬૦ લોકોના મોત થયા હતા અને ૭૧૩ લોકો ઘાયલ થયા હતા. યાકુબની રિવ્યુ પિટિશન કોર્ટ દ્વારા નવમી એપ્રિલના દિવસે ફગાવી દેવામા ંઆવી હતી. ત્યારબાદ મહારાષ્ટ્ર સરકારે ટાડા કોર્ટ પાસેથી તેને ફાસી આપવાની મંજૂરીની પ્રક્રિયા હાથ ધરી હતી. ટાડા

અદાલતે તેને ફાંસી પર લટકાવી દેવા માટે વોરંટ જારી કરી દીધુ છે. જેલમાં યાકુબના આરોગ્ય પર હવ સતત નજર રાખવામાં આવી રહી છે. ૫૩ વર્ષીય યાકુબને ટાડા કોર્ટે ૨૭મી જુલાઇ ૨૦૦૭નાદિવસે અપરાધિક કાવતરાનાં દોષિત ઠેરવીને મૃત્યુદંડની સજા ફટકારી હતી. ત્યારબાદ મુંબઇ હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટ તેમજ રાષ્ટ્રપતિ સુધી તેનો મામલો પહોંચ્યો હતો. પરંતુ કોઇ રાહત મળી નથી. અલબત્ત યાકુબ દ્વારા ક્યુરેટિવ અરજી દાખલ કરવામાં આવી છે. જેના પર ૩૦મી જુલાઇ પહેલા સુનાવણી કરવામાં આવી શકે છે. એક સરકારી અધિકારીએ કહ્યું છે કે હજુ સુધી ફાંસીની સજા પર સ્ટે મુકવામાં આવ્યો નથી જેથી કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડનવીસે પહેલાથી જ યાકુબની ફાંસી પર તારીખ અને સમયને મંજૂરી આપીદીધી છે. કોર્ટ અને નાગપુર જેલ વહીવટીતંત્રને પણ જાણ કરી દેવામાં આવી છે. સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા મુજબ કોઇ પણ અપરાધીને ફાંસી આપતા પહેલા તેના પરિવારને ૧૫ દિવસ પહેલા જાણ કરવામાં આવે છે. યાકુબ મેમણ મામલામાં ચર્ચાવિચારણાનો દોર શરૂ થઈ ગયો છે. આ બ્લાસ્ટ મૂળભૂત રીતે અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના ઈશારે કરવામાં આવ્યા હતા. આમાં અનેક અપરાધિઓના નામ ખુલ્યા હતા. સમગ્ર મામલાને લઈને લાંબી તપાસ ચાલી હતી. આખરે હવે પ્રથમ અપરાધિને ફાંસી આપવામાં આવનાર છે. ૧૯૯૩ બ્લાસ્ટ કેસમાં આ પ્રથમ ફાંસી થશે. ૨૧મી જુલાઈના દિવસે સુપ્રીમ કોર્ટ દ્વારા યાકુબની ક્યુરેટીવ અરજી પર સુનાવણી કરવામાં આવનાર છે. તેની અરજીને સતત ફગાવી દેવામાં આવી છે. દયાની અરજીને ફગાવી દેવામાં આવ્યા બાદ હવે સુપ્રીમ કોર્ટ દ્વારા તેની બીજી અરજી પર ચર્ચા વિચારણા થશે.

વ્યુહરચના તૈયાર કરવા માટે આજે અતિમહત્વની મીટિંગ : ૨૧મીથી મોનસુન સત્ર

નવી દિલ્હી,તા.૧૫

સંસદનું મોનસુન સત્ર શરૂ થવા આડે હવે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે સત્ર સાનુકુળરીતે ચાલે તે માટે મોદી સરકારે આક્રમક વ્યુહરચના તૈયાર કરવા માટે આવતીકાલે મહત્વપૂર્ણ બેઠક બોલાવી છે. સરકાર આવતીકાલે બેઠક યોજનાર છે જેમાં વ્યુહાત્મક પાસા પર ચર્ચા થશે.વ્યાપમ કૌભાંડ, લલિત મોદી વિવાદ, સામાજિક-આર્થિક અને જાતિ વસ્તી ગણતરીના આંકડા જેવા જુદા-જુદા મુદ્દાઓ ઉપર મોદી સરકારને ભીંસમાં લેવા વિપક્ષ તૈયાર છે ત્યારે મોદી સરકારે પણ વળથા પગલાની યોજનારૂપે આક્રમક વ્યુહરચના તૈયાર કરી છે. સંસદીય બાબતોના પ્રધાન વૈંકેયા નાયડુ આવતીકાલે સંસદીય ગૃહમાં કેન્દ્રીય પ્રધાનો અને સચિવો સાથે બેઠક યોજનાર છે જેમાં સરકારના વૈધાનિક એજન્ડા અને વ્યુહરચનાને આખરી ઓપ આપવામાં આવશે. સરકારે મોનસુન સત્ર દરમિયાન ઉઠાવવામાં આવનાર ૩૫ મુદ્દાઓ તૈયાર કરી લીધા છે. સંસદનું મોનસુન સત્ર ૨૧મી જુલાઈથી શરૂ થઈ રહ્યું છે. સંસદીય બાબતોના મંત્રાલય અને કાયદા મંત્રાલયના સચિવોની બેઠકમાં ૯મી જુલાઈના દિવસે સરકારે રાજ્યસભામાં પેન્ડીંગ રહેલા ૯ બિલ અને લોકસભામાં પેન્ડીંગ રહેલા ૪ બિલ ઉપર ચર્ચા હાથ ધરી હતી અને એવું નક્કી કરાયું હતું કે, ૧૧ નવા બિલની સાથે મોનસુન સત્રમાં આ તમામ બિલ પણ હાથ ધરવામાં આવશે. લોકસભામાં જે ચાર બિલ પેન્ડિંગ છે તેમાં જટિલ જમીન બિલનો સમાવેશ થાય છે. પરંતુ સુત્રોનું કહેવું છે કે, આ સત્ર દરમિયાન જમીન બિલને હાથ ધરવામાં આવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. કારણકે, સંસદની સંયુક્ત ચકાસણી સમિતિ બિલને હાથ ધરનાર છે. પરંતુ તે મોનસુન સત્ર પહેલાં પોતાની પ્રક્રિયા પૂર્ણ કરે તેવું દેખાતું નથી. નીચલા ગૃહમાં જે ત્રણ બિલ પેન્ડિંગ છે તેમાં અનુસુચિત જાતિ અને જનજાતિ અત્યાચાર અટકાયત સુધારા બિલ, દિલ્હી હાઈકોર્ટ સુધારા બિલ ૨૦૧૫નો સમાવેશ થાય છે. ૨૧મી જુલાઈના દિવસે સત્રની શરૂઆત થાય તે પહેલાં બે બેઠક યોજાશે.

રાજીવ કેસ : અપરાધિઓની મુક્તિ પર સ્ટે ઉઠાવવાની ના

નવી દિલ્હી,તા.૧૫

સુપ્રીમ કોર્ટે રાજીવ ગાંધી હત્યા કેસમાં સાત મૃત્યુદંડના અપરાધીઓની મુક્તિ ઉપર સ્ટે ઉઠાવી લેવાનો આજે ઈન્કાર કર્યો હતો. રાજીવ ગાંધી હત્યા કેસમાં સુપ્રીમ કોર્ટે મહત્વના કારણો આપ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા આજીવન કારાવાસની સજા મેળવી ચુકેલા અપરાધિઓની મુક્તિનો મુદ્દો ઉઠાવ્યા બાદ સુપ્રીમ કોર્ટની પાંચ જજની બેંચે કહ્યું હતું કે, અન્ય કોઈપણ આદેશ સાથે કોઈપણ ચુકાદાને જોડવાની બાબત યોગ્ય નથી. ગયા વર્ષે જુલાઈ મહિનામાં સુપ્રીમ કોર્ટે આજીવન કારાવાસની સજા ભોગવી રહેલા અપરાધિઓને છોડી મુકવાથી રાજ્ય સરકારને અટકાવી દીધી હતી. ૨૧મી જુલાઈ સુધી આ મામલામાં વધુ સુનાવણી મોકુફ કરવાનો આદેશ કરતા બેંચે કહ્યું હતું કે તે આ મામલામાં વિસ્તારપૂર્વક મોડેથી સાંભળશે. ગયા વર્ષે ફેબ્રુઆરી મહિનામાં સુપ્રીમ કોર્ટે રાજીવ ગાંધી હત્યા કેસમાં સાત અપરાધિઓ પૈકીના ત્રણની મૃત્યુદંડની સજાને ઘટાડી દીધી હતી અને તેમની સજા આજીવન કારાવાસમાં ફેરવી દીધી હતી. જે અપરાધિઓની મૃત્યુદંડની સજા કારાવાસમાં ફેરવી દેવાઈ હતી તેમાં મુરુગન, સનથાન અને પેરીયાવલનનો સમાવેશ થાય છે. તમિલનાડુ સરકારે પણ આની નોંધ લીધી હતી. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટ તરફથી અપરાધિઓની મુક્તિ ઉપર સ્ટે મેળવી લીધો હતો. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટની ત્રણ જજની બેંચ સમક્ષ દલીલ કરી હતી કે આ મામલામાં સીબીઆઈ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે જેથી કોઈપણ રાહત આપવાની સત્તા રાજ્ય સરકારની નહીં બલ્કે અન્ય સંસ્થાની રહેલી છે. ત્રણ જજની બેંચે મોડેથી આ કેસ પાંચ જજની બંધારણીય જજને સોંપી દીધો હતો. બંધારણીય બેંચે ગયા વર્ષે જુલાઈ મહિનામાં રાજ્ય સરકાર દ્વારા આજીવન કારાવાસના અપરાધિઓની મુક્તિ ઉપર સ્ટે મુક્યો હતો.

પુષ્કરમ ભાગદોડ : ઘાટ પર તકેદારીને વધારવામાં આવી

હૈદરાબાદ,તા.૧૫

આંધ્રપ્રદેશના ગોદાવરી પુષ્કર મેળામાં ગઈકાલે સવારે એકાએક મચી ગયેલી ભાગદોડમાં ઓછામાં ઓછા ૨૭ લોકોના મોત થયાના એક દિવસ બાદ વહીવટીતંત્રએ સાવચેતીના તમામ પગલા લીધા છે. જુદા જુદા સ્નાનના ઘાટ ઉપર મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના ધસારાને ટાળવા માટે પગલા લેવાઈ રહ્યા છે. દરમિયાન રાજ્ય સરકારે આ બનાવમાં જ્યુડિશિયલ તપાસનો આદેશ આપી દીધો છે. પુષ્કરમ મહોત્સવના પ્રથમ દિવસે ગઈકાલે સ્નાનવેડા લોકોની ઉજવણી બગડી હતી. અહીં ૩.૫ કરોડ શ્રદ્ધાળુઓ પહોંચે તેવી શક્યતા છે. શ્રદ્ધાળુઓને એક ઘાટ પર એકત્રિત ન થવા કહેવામાં આવ્યું છે. ૨૭૫ ઘાટ તંત્ર દ્વારા બનાવાયા છે, જેમાં ૧૫૧ ઈસ્ટ ગોદાવરી જિલ્લામાં ઉભા કરાયા છે. પ્રથમ દિવસે છ ઘાટ ઉપર ૧૦.૨ લાખ શ્રદ્ધાળુ ઉમટી પડ્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે પુષ્કરમ મેળામાં ભાગદોડમાં ૨૭ લોકોના મોત થયા હતા. ગઈકાલે સવારે પવિત્ર સ્નાનના ગાળા દરમિયાન આ બનાવ બન્યો હતો. મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકો પણ હોવાનું જાણવા મળ્યું હતું. આ બનાવ સવારે ૭.૩૦થી ૮ વાગ્યા વચ્ચેના ગાળામાં બન્યો હતો. આંધ્રપ્રદેશમાં આ બનાવ બન્યા બાદ આંધ્ર સરકાર પણ હચમચી ઉઠી હતી. ધાર્મિક ઉત્સવ દર ૧૨ વર્ષમાં આયોજિત કરવામાં આવે છે. રાજ્યના જુદા જુદા વિસ્તારોમાંથી પવિત્ર સ્નાન માટે ગોદાવરી નદીના કિનારે મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા. મૃતદેહોને રાજામુંદરી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યારે ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ઘણા લોકો લાંબા અંતર કાપીને અહીં પહોંચ્યા હતા. કેટલાક લોકોના ગુંગળામણના કારણે પણ મોત થયા હતા. આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રાબાબુ નાયડુએ ઘટનાસ્થળે પહોંચીને બચાવ અને રાહત કામગીરીની અંગત ચકાસણી કરી હતી. ગોદાવરી નદીના પુષ્કર મેળામાં કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તમામ તૈયારીઓ કરવામાં આવી હતી પરંતુ યોજનાઓને અમલી બનાવવામાં કેટલીક સમસ્યાઓ આવી છે. મુખ્યમંત્રીએ મૃતકોના પરિવાર માટે ૧૦-૧૦ લાખ રૂપિયાની જાહેરાત કરવામાં આવી હતી. તેમણે એણ પણ કહ્યું હતું કે, જો જરૂર પડશે તો તેઓ પોતે આગામી ૧૧ દિવસ સુધી રાજામુંદરીમાં રહેશે. નાયડુએ પોતે પત્નિ અને પુત્ર સાથે રાજામુંદરીમાં પવિત્ર સ્નાન કરીને લોકોનું નેતૃત્વ કર્યું હતું. પૂજા કરવામાં આવ્યા બાદ ૧૨ દિવસ સુધી ચાલનાર ઉત્સવની શરૂઆત થઈ હતી.

અણ્ણા બીજી ઓક્ટોબરથી ભૂખ હડતાલ ઉપર ઉતરશે

નવી દિલ્હી,તા.૧૫

સામાજીક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારેએ આજે જાહેરાત કરી હતી કે, જમીન અધિગ્રહણ બિલ અને વન રેંક વન પેંશનના મુદ્દા ઉપર બીજી ઓક્ટોબરથી તેઓ ભૂખ હડતાલ પર ઉતરી જશે. હજારે દ્વારા દિલ્હીમાં રામલીલા મેદાનથી તેમની હડતાલની શરૂઆત થશે. ગાંધીવાદી નેતાએ પહેલાથી જ જટીલ જમીન બિલને લઈને તેમની નારાજગી વ્યક્ત કરી ચુકી છે. હજારેએ આ વર્ષની શરૂઆતમાં વડાપ્રધાન મોદીને પત્ર લખીને વટહુકમના સંદર્ભમાં આગળ ન વધવા અપીલ કરી હતી. અણ્ણાએ હાલમાં જ કહ્યું હતું કે ઓઆરઓપી સ્કીમના અમલીકરણની દિશામાં કેન્દ્ર સરકાર ઝડપથી આગળ વધે તે જરૂરી છે. ખેડૂત સમુદાય અને સેનાના જવાનોના હિતોનું રક્ષણ કરાય તે જરૂરી છે. સંરક્ષણ મંત્રી મનોહર પારિકરે હાલમાં જ કહ્યું હતું કે, એનડીએ સરકાર વન રેન્ક વન પેન્શનને લઈને કટિબદ્ધ છે જોકે સમય ખૂબ જતો રહ્યો છે.

પાકિસ્તાની સૈનિકો દ્વારા ફરી વાર સરહદ ઉપર ગોળીબાર

પાકિસ્તાની સૈનિક દ્વારા કરાયેલ ગોળીબારમાં એક ઘાયલ

જમ્મુ,તા. ૧૫

જમ્મુમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાની સૈનિકો દ્વારા ગોળીબાર જારી રાખવામાં આવ્યો છે. આજે સવારે જમ્મુમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાની જવાનો દ્વારા ગોળીબાર કરવામાં આવતા બીએસએફના એક જવાને

ઈજા થઈ હતી. બીએસએફના જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરીહતી. જેથી સરહદ પર સામ સામે ગોળીબાર થોડાક સમય સુધી જારી રહ્યો હતો. જમ્મુ જિલ્લાના અખનુર વિસ્તારમાં યુદ્ધવિરામનો ભંદ કરવામાં આવ્યો હતો. જેથી સ્થિતી વિસ્ફોટક બની ગઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પાંચમી જુલાઈના દિવસે પાકિસ્તાની સેનિકો દ્વારા કરવામાં આવેલા યુદ્ધવિરામના ભંગમાં એક જવાનનુ મોત થયું હતુ. જ્યારે નવમી જુલાઈના દિવસે આ જ સેક્ટરમાં આવા જ એક બનાવમાં વધુ એકનુ મોત થયુ હતુ. છઠ્ઠી જુલાઈના દિવસે પાકિસ્તાની સેનાએ જમ્મુના અર્ણિયા સેક્ટરમાં બીએસએફની ચોકીઓને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો. નૌગામમાં ગોળીબાર કરવામાં આવ્યો હતો જેમાં બીએસએફની ૧૧૯મી બટાલિયનનનો જવાન શહીદ થયો હતો. પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબારનો ભારતીય જવાનોએ જોરદાર જવાબ આપ્યો હતો. સુરક્ષા સંસ્થાઓ પહેલાથી જ કહી રહી છે કે સરહદ પારથી હાલમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ ઘુસણખોરી કરી શકે છે. ભારતમાં ઘુસણખોરી કરવા માટે મોટી સંખ્યામાં આતંકવાદીઓ સજ્જ થયેલા છે. પીરપંજાલ રેંજમાં ૩૬ લોંચ પેડ ચાલી રહ્યા છે જેમાં ૨૦૦થી ૨૨૫ ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે અને આ આતંકવાદીઓ ઘુસણખોરી કરવા માટે તૈયાર છે.

મનના ઉમંગો (પાના નં. ૪ નું ચાલુ)

પરંતુ છોડો એ બધી ધીરગંભીર વાતો. આપણે ભોમિયા વગર ડુંગરા ભમનારા અલગારી રખડુઓ વાત શરુ કરી હતી. એટલે એવા જ એક કાવ્યથી વાત પૂર્ણ કરીએ તે યથાયોગ્ય રહેશે, તો માણો નિરંજન ભગતનું એક અજરઅમર ગીત.

ફરવા આવ્યો છું

હું તો બસ ફરવા આવ્યો છું!
હું કયાં એકે કામ તમારું કે મારું કરવા આવ્યો છું?
અહીં પથ પર શી મધુર હવા
ને ચહેરા ચમકે નવા નવા!
- રે ચહું ન પાછો ઘેર જવા!
હું ડગ સાત સુખે ભરવા અહીં સ્વપ્ન મહીં સરવા આવ્યો છું!
જાદુ એવો જાય જડી
કે ચાહી શકું બે ચાર ઘડી
ને ગાઇ શકું બે ચાર કડી
તો ગીત પ્રેમનું આ પૃથ્વીનાં કર્ણપટે ધરવા આવ્યો છું!

- નિરંજન ભગત

(પ્રિય મિત્રો,

આજે હું કેટલાક મિત્રો સાથે આજે અંબાજી પહોંચી ગયો. અચાનક થઇ જતી યાત્રાનો આનંદ અનેરો હોય તે તો તમેય જાણતાં હશો. મેં પ્રાપ્ત કરેલ આનંદ વિશે જ કંઇક લખવું હતું. પરંતુ રખડવાના આનંદ બાબતે કાકાસાહેબના જીવનના આનંદથી શરુઆત કરવા જતાં હું કાકાસાહેબની વાતોમાંથી માંડ માંડ છૂટી શક્યો. કારણ કે કાલેલકરના લખાણો જ એટલા બધા રસભરપૂર હોય છે કે તેને એક વાર ચાખવા માત્રથી તૃપ્તિ થતી નથી, અને આવડું મોટું પાત્ર આપણાથી ખાલી ખરી શકાતું નથી. આમ તૃપ્તિ થતી નથી અને અતૃપ્તિ ચેન લેવા દેતી નથી. એટલે જે કંઇ લખાયું છે તે દરગુજર કરીને વાંચવા વિનંતી છે.

વધુમાં નિરંજનભાઇના કાવ્યનો સંદર્ભ એક મહાનુભાવ સાથે જોડવા માંગતો હતો, પરંતુ એ આ લેખની મનોવૃત્તિને અનુકૂળ ના હોવાથી માંડી વાળ્યું છે.

આભાર, અસ્તુ)

ભારતમાં હજુ કરોડ બાળક કુપોષણથીગ્રસ્ત : અહેવાલ

નવી દિલ્હી,તા. ૧૫

ભારતમાં કુપોષણથી ગ્રસ્ત બાળકોની સંખ્યા ૨.૩ કરોડથી પણ વધારે હોવાની ચિંતાજનક બાબત સપાટી પર આવી છે. આઇસીડીએસ તરીકે ાજાણીતા આંગણવાડી કેર સેન્ટર પ્રોગ્રામ અંગે એક નવા અહેવાલમાં આ ચિંતાજનક ચિત્ર સપાટી પર આવ્યુ છે. સ્ટેટસ રિપોર્ટમાં દરેક રાજ્યમાં રહેલા કુપોષણ અને ઓછા વજનથી ગ્રસ્ત બાળકોની સંખ્યા દર્શાવવામાં આવી છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે બિહારમાં ઓછુ વજન ધરાવનાર બાળકોની સંખ્યા આશરે ૫૦ ટકા જેટલી છે. જ્યારે આંધ્રપ્રદેશમાં ૩૭ ટકા, ઉત્તરપ્રદેશમાં ૩૬ ટકા, રાજશાતન અને છત્તિસગઢમાં ૩૨-૩૨ ટકા અને અન્ય કેટલાક રાજ્યોમાં પણ આ ટકાવારી ખુબ મોટી છે. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૩ સુધીના આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. છ વર્ષની વય સુધી ઓછુ વજન ધરાવનાર વધુ બાળકોની સંખ્યાના મામલે દિલ્હી પણ પાછળ નતી.

કોંગ્રેસ દ્વારા વ્યાપમ કૌભાંડમાં ચોંકાવનારો ધડાકો કરાયો

ભાજપ પ્રધાનો અને સંઘના લીડરો વ્યાપમના નાણાં વહેંચી લેતા હતા

નવી દિલ્હી,તા.૧૫

વ્યાપમ કૌભાંડના મામલામાં ભાજપની તકલીફ હાલમાં ઓછી થાય તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી.વ્યાપમ કૌભાંડમાં દરરોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. જેમાં ભાજપના ટોચના નેતાઓ અને મંત્રીઓની સંડોવણીના પુરાવા રજુ કરવામાં આવી રહ્યા છે.

આજે કોંગ્રેસે નવા દસ્તાવેજોની સાથે ચોંકાવનારા ધડાકા કર્યા હતા અને આક્ષેપ કર્યો હતો કે ભાજપના નેતાઓ વ્યાપમના પૈસા પારસ્પરિક રીતે વહેંચી લેતા હતા. ભાજપના નેતાઓ અને પ્રધાનો વ્યાપમ કૌભાંડના નાણાંનો ઉપયોગ કરી રહ્યા હતા. કોંગ્રેસ પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ દસ્તાવેજોના માધ્યમથી આક્ષેપ કર્યોહતો કે, વ્યાપમ મારફતે જે નાણાં મળી રહ્યા હતા તે નાણાં સંઘથી લઈને ભાજપના ટોચના નેતાઓમાં વહેંચવામાં આવી રહ્યા હતા. સુરજેવાલાએ આ પ્રકરણમાં સંઘના સુરેશ સોની, મધ્યપ્રદેશ ભાજપના ખજાનચી અનિલ દવે, પૂર્વ પ્રધાન લક્ષ્મીકાંત શર્મા અને પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના નામ લીધા હતા. સુરજેવાલાએ રજુ કરેલા દસ્તાવેજમાં વિમાની ટીકીટના બુકિંગ અને પૈસાની લેવડ-દેવડની બાબતનો

સમાવેશ થાય છે.

સુરજેવાલાએ આક્ષેપ કર્યોહતો કે, ભોપાલથી દિલ્હી વચ્ચે ઘણી ટીકીટ બુક થઈ હતી. લોકો પૈસા લઈને દિલ્હી જતા હતા. ભાજપના ટોચના નેતાઓ સુધી વ્યાપમથી ભેગા કરવામાં આવેલા પૈસા પહોંચાડવામાં આવ્યા હતા. આ પૈસાનો વ્યક્તિગત રીતે ઉપયોગ કરવામાં આવ્યો હતો અને પાર્ટીના કામમાં પણ ખર્ચ કરાયો છે. કોંગ્રેસે આ આક્ષેપ દસ્તાવેજ સાથે મુક્યા છે. સુરજેવાલાએ આક્ષેપ કર્યો હતો કે, બાળકોના ભવિષ્ય સાથે ચેડા કરીને આ નાણાં એકત્રિત કરાયા હતા. આ પૈસાનો ઉપયોગ કરનાર લોકોમાં ચકાસણી થવી જોઈએ. સુરજેવાલાએ શિવરાજસિંહ ચૌહાણ, ધર્મેન્દ્ર પ્રધાનથી નિષ્પક્ષ તપાસ માટે હોદ્દાથી રાજીનામું આપી દેવું પડશે. વડાપ્રધાન મોદીના રાજીનામાની માંગણી પણ કરાઈ છે. સુરજેવાલાએ પત્રકાર પરિષદને સંબોધતાં કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું નામ લીધું હતું. ભાજપના પ્રધાનો, સંસદના સભ્યો અને આરએસએસના નેતાઓ વચ્ચે પૈસા વહેંચી લેવામાં આવતા હતા. વ્યાપમ કૌભાંડના આરોપી સુધીર શર્મા અને અન્યોના આવાસ પર ૨૦૧૧માં પાળવામાં આવેલા દરોડા દરમિયાન એકત્રિત કરાયેલા દસ્તાવેજના આધાર પર તૈયાર ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટના અહેવાલને ટાંકીને આ મુજબની વાત કરાઈ છે.ભાજપના ઉપપ્રમુખ પ્રભાત ઝા અને તેમના પુત્રના પ્રવાસ ખર્ચની ચુકવણી વ્યાપમના આરોપી દ્વારા કરાઈ હતી.

મોદી લાલ કિલ્લા પરથી ગયા વર્ષે આપેલા વચનોનો હિસાબ આપશે

નવી દિલ્હી,તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગયા વર્ષે સ્વતંત્રતા દિવસે ઐતિહાસિક લાલ કિલ્લા પરથી આપવામાં આવેલા વચનનો હિસાબ આ વખતે લાલ કિલ્લા પરથી આપશે. આ સંબંધમાં મોદી તમામરીતે સક્રિય થઈ ગયા છે. આ વચનને લઈને કરવામાં આવેલા કામ અંગેની માહિતી વડાપ્રધાન કચેરીએ તમામ મંત્રાલયો પાસેથી માંગી છે. પીએમઓ દ્વારા તમામ મંત્રાલય અને વિભાગોને લોકોની લાઈફમાં ફેરફાર કરનાર પાંચ મોટી પ્રવૃતિની ઓળખ કરીને તેમના પૈકી દરેક અંગે ૨૫૦ શબ્દોમાં વિગત આપવા માટે કહેવામાં આવ્યુ છે. પીએમઓના પત્રમાં કહેવામાં આવ્યું છે કે લાલ કિલ્લાથી મોદી તેમના બીજા સ્વતંત્રતા દિવસના ભાષણમાં ગયા વર્ષે આપવામાં આવેલા વચન અને તે અંગે થયેલી કામગીરીની માહિતી આપનાર છે. સાથે સાથે આવનાર દિવસોમાં શરૂ કરવામાં આવનાર યોજના અંગે પણ માહિતી આપનાર છે. સ્વંતત્રતા દિવસે મોદીના સંબોધનમાં જે મંત્રાલયનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તેમના અધિકારી હવે ગયા વર્ષે જાહેર કરવામાં આવેલી માહિતીની પ્રગતિ અંગે રિપોર્ટ તૈયાર કરનાર છે.

મોદીએ તેમના લાલ કિલ્લા પરથી સંબોધનમાં કેટલીક વાત કરી હતી. જે સફળ રીતે અમલી બની રહી છે. વડાપ્રધાન મોદી તરફથી જાહેર કરવામાં આવેલી પ્રમુખ જાહેરાત નાણાં મંત્રાલય સાથે સંબંધિત છે. જેમા પ્રધાનમંત્રી જનધન યોજના, સ્કીલ ઈન્ડિયા મિશન, મેક ઈન ઈન્ડિયા , ડિજીટલ ઈન્ડિયાનો સમાવેશ થાય છે. કેટલીક જાહેરાતને લઈને સારી પ્રગતિ થઈ છે. જેમાં જન ધન યોજનાનો સમાવેશ થાય છે. આ યોજના હેઠળ હજુ સુધી ૧૬.૭૩ કરોડ